# India appointed External Auditor of the Organisation for the Prohibition of Chemical Weapons (OPCW)

April 21, 2021

# ઓર્ગેનાઇઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ (ઓપીસીડબલ્યુ)ના બાહ્ય ઓડિટર તરીકે ભારતની નિમણૂક

એપ્રિલ 21, 2021

ઓર્ગેનાઇઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ (ઓપીસીડબલ્યુ)ની કોન્ફરન્સ ઓફ સ્ટેટ પાર્ટીઝે ધ હેગ ખાતે ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ (સીએજી)ને 2021થી શરૂ થતા ત્રણ વર્ષના ગાળા માટે ઓપીસીડબલ્યુના બાહ્ય ઓડિટર તરીકે પસંદ કર્યા છે. આ નિમણૂક આજે ઓપીસીડબલ્યુ કોન્ફરન્સ ખાતે એક ચૂંટણી પ્રક્રિયા દ્વારા કરવામાં આવી હતી જેમાં ભારતને બાહ્ય ઓડિટર તરીકે નિયુક્ત કરવા માટે બીજાઓ તરફથી ભારે સમર્થન પ્રાપ્ત થયું હતું. ભારતની પસંદગી આંતરરાષ્ટ્રીય સમુદાયમાં તેનું મહત્ત્વનું સ્થાન દર્શાવે છે તથા તે ભારતના સીએજીની વ્યાવસાયિકતા, ઉચ્ચ ધોરણો, વૈશ્વિક અનુભવો અને સ્પર્ધાત્મક બિડનો પુરાવો છે.

સ્ટેટ પાર્ટીઝની ઓપીસીડબલ્યુ કોન્ફરન્સ દરમિયાન ભારતને એશિયા જૂથનું નેતૃત્વ કરવા માટે ઓપીસીડબલ્યુની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્ય તરીકે બે વર્ષની ટર્મ માટે પણ પસંદ કરવામાં આવ્યું હતું.

**નવી દિલ્હી**
**એપ્રિલ 21, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.